RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 188* Date: 06.05.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટકાળ અને તેની ગાઈડલાઇન્સના કારણે શપથ ગ્રહણ સમારંભ નાનો જ રાખવામાં આવ્યો

# ત્રીજીવાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બન્યા 'દીદી' મમતા બેનર્જી





કલક્તા,તા.૫

વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત બાદ આજે મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદના ત્રીજીવાર શપથ લીધા છે. એટલે કે એકવાર ફરી બંગાળમાં મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસની સરકાર બની ગઈ છે. કોરોના સંકટકાળ અને તેની ગાઈડલાઈન્સના કારણે શપથ ગ્રહણ સમારંભ નાનો જ રાખવામાં આવ્યો છે. અત્યારે ધારાસભ્યોના શપથ નહીં થાય. તૃણમૂલ કોંગ્રેસ તરફથી શપથ ગ્રહણ સમારંભમાં કેટલાક ખાસ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષ, પૂર્વ મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્ય, બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી સહિત અન્ય લોકો સામેલ છે. ચૂંટણી સમયે ટીએમસીના રણનીતિકાર રહેલા પ્રશાંત કિશોર પણ કાર્યક્રમમાં સામેલ થશે. જો કે દિલીપ ઘોષે શપગ્રહણ સમારંભનો બહિષ્કાર કર્યો. શપથ લીધા બાદ મમતા બેનર્જીએ કહ્યું કે, તેમની પ્રાથમિકતા કોરોનાની વિરુદ્ધ લડાઈ રહેશે. સાથે જ તેમણે કહ્યું કે, હિંસાની ઘટના સહન નહીં થાય અને આવું કરનારાઓ પર કાર્યવાહી કરવામાં આવશે.

મમતા બાદ રાજ્યપાલે પણ ચૂંટણી બાદ હિંસાનો મુદ્દો ઉઠાવ્યો. મમતા બેનર્જીને નાની બહેન ગણાવતા રાજ્યપાલે તેમને કાયદા વ્યવસ્થા મુદ્દે શિખામણ આપી. રાજ્યપાલે કહ્યું કે, કાયદા-વ્યવસ્થાનું રાજ હોવું જોઈએ. આશા છે કે મમતા સંવિધાન પ્રમાણે ચાલશે. રાજ્યપાલની આ ટિપ્પણીનો મમતાએ પણ જવાબ આપ્યો. મમતાએ ચૂંટણી પંચને નિશાને લીધી અને કહ્યું કે, અત્યાર સુધી બધું જ ચૂંટણી પંચના હસ્તે હતુ. ચૂંટણી પંચે અનેક અધિકારીઓને બદલી દીધા હતા, મેં અત્યારે શપથ લીધા છે, નવી રીતે વ્યવસ્થા કરીશ.

મમતા બેનર્જી પોતે નંદીગ્રામથી ચૂંટણી હારી ગયા હતા, પરંતુ તે ત્રીજીવાર બંગાળના CM તરીકે શપથ લઈ લીધી છે. જોકે, ૬૬ વર્ષીય મમતા બેનર્જીને બીજી કોઈ સીટ પરથી ચૂંટણી લડવી પડી શકે એમ છે. આની પહેલા મમતાએ ૨૦મે ૨૦૧૧ના રોજ પ્રથમવાર અને ૨૭મે ૨૦૧૬ના રોજ બીજીવાર મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

બંગાળે સતત ૧૯૫૦થી ૧૭ વર્ષો સુધી કોંગ્રેસને સત્તા સોંપી હતી, પરંતુ રાજ્યમાં રાજકીય હોબાળાઓ થવા લાગ્યા ત્યારે તેઓએ ૧૯૭૭માં લેફ્ટિસ્ટને ચૂંટ્યા હતા. ત્યારપછી બંગાળે લેફ્ટને સાત ચૂંટણીમાં વિજળ અપાવ્યો હતો. લેફ્ટે CPMની આગેવાની હેઠળ પૂર્ણ બહુમતથી ૩૪ વર્ષ સુધી શાસન કર્યું હતું.

લેફ્ટનું કાર્યકાળ પુરૂ થતા મમતાની તૃણમૂલને સત્તા મળી હતી અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી બંગાળમાં શાસન કરી રહી છે. આ વખતે પણ તેઓએ પૂર્ણ બહુમત પ્રાપ્ત કર્યું છે.

મમતા બેનર્જીને ૩ મેના રોજ પાર્ટી વિધાયક સંઘના નેતા ચૂંટવામાં આવ્યા હતા. આ બેઠક પૂર્ણ થયા પછી મમતાએ જણાવ્યું હતું કે શપથ ગ્રહણ કાર્યક્રમ સામાન્ય રાખવામાં આવશે. તેઓએ કહ્યું હતું કે દેશ જ્યાં સુધી કોરોના વિરૂદ્ધની લડત નથી જીતી લેતું ત્યાં સુધી તેઓ ઉજવણી કરશે નહીં. આ ચૂંટણીમાં TMCને ૨૧૪ બેઠક પ્રાપ્ત થઈ છે. ૩ મેના રોજ મમતા બેનર્જીએ રાજ્યપાલ સાથે બેઠક કરી હતી.

૨ મેના રોજ ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરીને TMC ફરી એકવાર સત્તામાં આવ્યું છે. જોકે, પરિણામ પછી ઘણા વિસ્તારમાં ભાજપ અને ટીએમસીના કાર્યકર્તાઓ વચ્ચે હિંસક ઘર્ષણ પણ થયું હતું. જેમાં લગભગ ૧૧ લોકોના મોત થયા હતા. ભાજપની ઓફિસ અને કાર્યકર્તાઓની દુકાનમાં પણ ચોરી અને આગચંપી કરવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

રાજ્યપાલે મમતા બેનર્જીને 'નાની બહેન' કહીને આપી સલાહ

શપથ લીધા બાદ રાજ્યપાલે ચૂંટણી બાદ હિંસાનો મુદ્દો ઉઠાવ્યો. મમતા બેનર્જીને નાની બહેન ગણાવતા રાજ્યપાલે તેમને કાયદા વ્યવસ્થા મુદ્દે શિખામણ આપી. રાજ્યપાલે કહ્યું કે, કાયદા-વ્યવસ્થાનું રાજ હોવું જોઈએ. આશા છે કે મમતા સંવિધાન પ્રમાણે ચાલશે.

'દીદી'એ રાજ્યપાલને આપ્યો વળતો જવાબ

રાજ્યપાલની ટિપ્પણીનો મમતાએ પણ જવાબ આપ્યો. મમતાએ ચૂંટણી પંચને નિશાને લીધી અને કહ્યું કે, અત્યાર સુધી બધું જ ચૂંટણી પંચના હસ્તે હતુ. ચૂંટણી પંચે અનેક અધિકારીઓને બદલી દીધા હતા, મેં અત્યારે શપથ લીધા છે, નવી રીતે વ્યવસ્થા કરીશ.

### આરબીઆઈ એ કહ્યું કોરોનાની બીજી લહેર અર્થતંત્ર માટે જોખમી

# રિઝર્વ બેંકે હેલ્થ સેક્ટરને આપ્યા ૫૦ હજાર કરોડ રૂપિયા

ન્યુ દિલ્હી,તા.૫

આરબીઆઈ એ કહ્યું કોરોનાની બીજી લહેર અર્થતંત્ર માટે જોખમી, કોવિડ સેવાઓ માટે ૫૦ હજાર કરોડની સસ્તી લોન આપશે

નવી દિલ્લી: દેશમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) ના ગર્વનરે પ્રેસ કોન્ફ્રેન્સ કરીને વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ કેટલીક મહત્ત્વની જાહેરાત કરી. આરબીઆઇ ના ગર્વનર શક્તિકાંત દાસે જણાવ્યું છેકે, કોરોનાની બીજી લહેર ભારતના અર્થતંત્ર માટે જોખમી સાબિત થઈ રહી છે. દેશના ઘણાં બધા રાજ્યોમાં હાલ લોકડાઉન કે પછી લોકડાઉન જેવી સ્થિતિ છે. ત્યારે આરબીઆઇ ગર્વનર દાસે કોવિડ સાથે જોડાયેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૫૦ હજાર કરોડની સસ્તી લોન આપવાની જાહેરાત કરી છે.

આરબીઆઇ ના ગર્વનર દાસે કહ્યુંકે, હાલની સ્થિતિને જોતા વેક્સિન ઉત્પાદકો, હોસ્પિટલ, લોજિસ્ટિકને પ્રાયોરિટી સેક્ટરમાં સમાવાશે કોરોના સંલગ્ન તમામ સેક્ટરને બેંક સરળતાથી લોન આપી શકશે. લિક્વિડિટી સુધારવા માટે ૫૦,૦૦૦ કરોડના લોનની વિન્ડો ઓપન કરી આ સિવાય બેંકો પોતાની સરપ્લસ લિક્વિડિટીમાંથી પણ લોન આપી શકશે. વધુમાં કોરોનાની બીજી લહેર ઘાતક છે પ્રથમ લહેર બાદ ઈકોનોમીમાં શાનદાર રિકવરી જોવા મળી રહી છે તમામ આર્થિક આંકડા અર્થતંત્રમાં મજબૂતી સૂચવી રહ્યાં છે GST, PMI, ટોલ કલેક્શન સહિતના આંકડા સકારાત્મક છે જોકે દેશમાં મોંઘવારી અને ખાસ કરીને ખાદ્ય મોંઘવારી દર ઉંચો છે આરબીઆઇ નજર તમામ આંકડા પર છે પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે તેથી મોંઘવારી કાબૂમાં જ છે

વેક્સિન ઉત્પાદકો, હોસ્પિટલ, લોજિસ્ટિકને પ્રાયોરિટી સેક્ટરમાં સમાવાશે કોરોના સંલગ્ન તમામ સેક્ટરને બેંક સરળતાથી લોન આપી શકશે. લિક્વિડિટી સુધારવા માટે ૫૦,૦૦૦ કરોડના લોનની વિન્ડો ઓપન કરી આ સિવાય બેંકો પોતાની સરપ્લસ લિક્વિડિટીમાંથી પણ લોન આપી શકશે. આ સુવિધા ૩ વર્ષ સુધી લાગુ રહેશે. માર્ચ, ૨૦૨૨ સુધી આ સ્કીમ હેઠળ લોન લઈ શકાશે.




વ્યક્તિગત અને MSMEs લોન ધારકોને લોન રીસ્ટ્રક્ચરિંગની સ્કીમનો સમયગાળો લંબાવી આપવામાં આવ્યો બેંકો ૨૫ કરોડની લોન રીસ્ટ્રક્ચર કરી શકશે. જોકે આ સુવિધા વન ટાઈમ રીસ્ટ્રક્ચરિંગ માટે જ હશે અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઇએ અગાઉ રીસ્ટ્રક્ચરિંગ સ્કીમ ૧.૦ લોન્ચ કરી હતી આ જ સ્કીમ હેઠળ લોન મોરેટોરિયમ ૨ વર્ષ સુધી બેંકો લંબાવી આપી શકશે શરત : ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ આ લોન સ્ટાન્ડર્ડ લોન હોવી જરૂરી બેંકોને કોવિડ લોન બૂક બનવવા આદેશ.

SME અને MSMEsને ૧૦ લાખની લોન આપી શકશે ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૧ સુધી આ લોન આપી શકાશે સ્મોલ ફાઈનાન્સ બેંકને પણ લોનમાં છૂટ આપવામાં આવી. જે અંતર્ગત SME અને MSMEsને મહત્તમ ૧૦ લાખની લોન આપી શકશે. લોન આપવા માટે ૧૦,૦૦૦ કરોડની ફાળવણી ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૧ સુધી આ લોન આપી શકાશે. ૫૦૦ કરોડ સુધીનું મૂલ્ય ધરાવનાર માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓને SFB આ લોન આપી શકશે.

# કોરોનાના કેસમાં ફરી ઉછાળો, એક દિવસમાં ૩.૮૨ લાખ નવા કેસ, ૩૭૮૦ના મોત

*ન્યુ દિલ્હી,તા.૫*

જીવલેણ કોરોનાની બીજી લહેર ભારતને વધુ મજબૂતાઈથી પોતાના ભરડામાં લઈ રહી છે. દેશના આશરે ૧૫ જેટલા રાજ્યોની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩,૮૨,૩૧૫ નવા કેસ સામે આવ્યા છે અને ૩,૩૮,૪૩૯ દર્દીઓ સાજા પણ થયા છે. સાથે જ ૩,૭૮૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે અને દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૪,૮૭,૨૨૯ થઈ ગઈ છે. આ મહામારીના કારણે અત્યાર સુધીમાં ૨.૨૬ લાખથી વધારે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૧,૮૮૦ નવા કેસ સામે આવ્યા છે. ૬૫,૯૩૪ લોકો ડિસ્ચાર્જ થયા છે અને ૮૯૧ લોકો મૃત્યુ પામ્યા છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૬,૪૧,૯૧૦ થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં કુલ ૭૧,૭૪૨ લોકોના મોત થયા છે.

આ સાથે દેશમાં કોરોના વાયરસથી થતાં મૃત્યુની કુલ સંખ્યા ૨,૨૬,૧૮૮ પર પહોંચી ગઈ છે. જો આપણે દેશમાં કોરોનાના સક્રિય કેસની વાત કરીએ, તો હાલમાં દેશમાં કોરોનાના ૩૪,૮૭,૨૨૯ કેસ સક્રિય છે. દેશમાં કોરોના વાયરસ રસીકરણ અભિયાન વહેલી તકે કોરોના વાયરસને નિયંત્રણમાં લેવા ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૬,૦૪,૯૪,૧૮૮ લોકોને રસી આપવામાં આવી છે. જો કે, દેશની મોટી વસ્તીને જોતાં, રસીકરણની સંખ્યા ખૂબ ઓછી છે.

તે જ સમયે દિવસે-દિવસે કોરોનાના વધતા જતા કેસોને લીધે હોસ્પિટલોમાં આરોગ્ય સિસ્ટમ ધરાશાયી થઈ છે. દેશની ઘણી હોસ્પિટલોમાં રસી, ઓક્સિજન અને વેન્ટિલેટરની તીવ્ર અછતનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે નિષ્ણાતોએ અનુમાન લગાવ્યું છે કે જો બધુ બરાબર ચાલશે તો ભારતમાં ખૂબ જલ્દીથી કોરોના કેસોમાં ઘટાડો થશે.

કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૬૩૧ નવા કેસ સામે આવ્યા છે, ૨૪૭૧૪ લોકો ડિસ્ચાર્જ થયા છે અને ૨૯૨ લોકો મૃત્યુ પામ્યા છે. આ સાથે જ કુલ એક્ટિવ કેસ ૪,૬૪,૩૬૩ થઈ ગયા છે અને કુલ ૧૬,૫૩૮ લોકો મૃત્યુ પામ્યા છે. તે સિવાય યુપી, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, બિહાર, ગુજરાત, મધ્ય પ્રદેશ, બંગાળ, પંજાબ, ઉત્તરાખંડ અને ઝારખંડની સ્થિતિ પણ ચિંતાજનક છે.

# દિલ્હીને ઓક્સિજન આપવાનો પ્લાન જણાવે કેન્દ્ર સરકાર -સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૫

દિલ્હીમાં ઓક્સિજનની સપ્લાઈની સંભાળ રાખી રહેલા કેન્દ્રીય અધિકારીઓ વિરૂદ્ધ દિલ્હી હાઈકોર્ટેની અવમાનના નોટિસ પર સુપ્રીમ કોર્ટે બુધવારે રોક લગાવી દિધી છે. કેન્દ્રએ હાઈકોર્ટેની નોટિસને સુપ્રીમ કોર્ટમાં પડકારી હતી. સુપ્રીમ કોર્ટે એવું માન્યું કે કેન્દ્રના અધિકારીને જેલ મોકલવા કે પછી તેને અનાદરના મામલામાં ઘસડવાથી ઓક્સિજન નહીં મળે, પરંતુ કોર્ટે કેન્દ્રને પૂછ્યું કે આ સમસ્યાનો ઉકેલ શું છે?

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને કહ્યું કે મુંબઈ મોડલથી શીખીને દિલ્હીને પૂરો ઓક્સિજન આપવાનો પ્રયાસ કરવામાં આવે. સાથે જ કેન્દ્રને લગભગ ૨૦ કલાક સુધીનો સમય આપતા કહ્યું કે દિલ્હીના રોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સજન આપવાનો પ્લાન ગુરુવારે સવારે ૧૦.૩૦ સુધી જણાવે.

કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને કહ્યું કે કેન્દ્ર અને તેમના અધિકારી આ મામલે પોતાનું સર્વશ્રેષ્ઠ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. એવામાં દિલ્હી હાઈકોર્ટ તરફથી તિરસ્કારની નોટિસ આપવી તે દુર્ભાગ્યપૂર્ણ છે. તો સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઓક્સિજનની ઉણપથી અનેકના જીવ ગયા છે અને આ નેશનલ ઈમરજન્સી છે, એવમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

દિલ્હીમાં કોવિડ દર્દીના ઈલાજ માટે ઓક્સિજન સપ્લાઈ માટે આપવામાં આવેલા નિર્દેશોનું પાલન ન કરવાને લઈને દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર અને તેમના અધિકારીઓને અનાદરની નોટિસ મોકલી હતી. કોર્ટે અધિકારીઓને કોર્ટમાં હાજ રહેવાના નિર્દેશ પણ આપ્યા હતા. કેન્દ્ર જયારે તેના વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચી તો જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ એમઆર શાહે કહ્યું કે તમે માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડી રહ્યાં છો. મહેરબાની કરીને અમને ઓક્સિજનની માગ અને તેની સપ્લાઈ અંગે જણાવો. આ સમસ્યાના સમધાના માટે શું પગલાં ઉઠાવવામાં આવ્યા છે? મહામારી સમગ્ર દેશમાં ફેલાયેલી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૯૫૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૬૩૩૪૨૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૯૯૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૭૭૩૯૧**

# એક અઠવાડીયામાં દુનિયામાં નોંધાયેલા કોરોનાના નવા કેસોમાં ૪૬% ભારતના



વોશિંગ્ટન,તા.૫

દુનિયાભરમાં કોરોનાવાઈરસ મહાબીમારીના ગયા અઠવાડિયે નવા નોંધાયેલા કુલ કેસોમાં ભારતનો હિસ્સો ૪૬ ટકા રહ્યો હતો. તેમજ આ બીમારીથી થયેલા મૃત્યુમાં દર ચારમાં એક જણ ભારતનો હતો. આ જાણકારી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ આપી છે.

WHO સંસ્થાનું કહેવું છે કે નવા પ્રકારના કોરોનાના ચેપની પહેલી જાણકારી ભારતમાં થઈ હતી. આ ચેપનો ફેલાવો વધવાને કારણે ભારતમાં હાલ હોસ્પિટલોમાં પથારીઓ અને ઓક્સિજનની કારમી તંગી ઊભી થઈ છે. તે ઉપરાંત સ્મશાનભૂમિઓ અને કબ્રસ્તાનોમાં પણ મૃતદેહોના ખડકલા થયા છે. ઘણા લોકો હોસ્પિટલમાં પથારી કે ઓક્સિજન મળવાની રાહ જોતી વખતે એમ્બ્યુલન્સોમાં અને કારમાં જ મૃત્યુ પામ્યા છે. દુનિયામાં ગયા અઠવાડિયે કોરોનાના નવા ૫૭ લાખ કેસ નોંધાયા હતા અને એમાં ૯૩,૦૦૦થી વધારે લોકોના મરણ થયા હતા. ભારતમાં નવા કેસોની સંખ્યા ૨૬ લાખ નોંધાઈ હતી, જે તે આંકડો પૂર્વેના અઠવાડિયા કરતાં ૨૦ ટકા વધારે હતો. ભારતમાં ગયા અઠવાડિયે ૨૩,૨૩૧ જણના મરણ થયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કઈ સ્થિતી...?

## દેશમાં શોકજનક છાયાના ઓછાયા.....!

**દેશમાં બહુ જ ગંભીર રીતે કોરોનાના મોતના ખપ્પરમાં હજારો માનવ જીવો પહોંચી ગયા છે. અત્યારના સમયમાં અનેકોએ નજીકના સ્વજનોને ગુમાવ્યા છે તો આસપાસના કે શેરી-મહોલ્લાના કે જે તે સમાજના ઘરોમાંથી કોરોનાના મોતના ખપ્પરમાં પહોંચી ગયાના દુઃખદ સમાચાર સાંભળવા મળે છે. રાજ્યના મહાનગરો, નાના-મોટા શહેરોમાં કોઈ સોસાયટી, એપાર્ટમેન્ટ કે વસાહતો બાકી નહીં હોય કે જ્યાં કોરોના એ પોતાની ચપેટમાં લોકોને લીધા નહીં હોય. દરેક વ્યક્તિના સગા સંબંધી કે મિત્ર એમ કોઈને કોઈ તો કોરોના ની ચપેટમાં આવીજ ગયા છે.રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે સારવાર વ્યવસ્થા સામે આમ પ્રજામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. વધુ ઓક્સિજન ઉત્પાદન કરતા ગુજરાત રાજ્યના ઓક્સિજનની વ્યવસ્થા કરવાની સત્તા કેન્દ્ર પાસે છે... અને આવા સમયમાં જ ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં ઓક્સિજનની અછત સર્જાવાના કારણે સેંકડો કોરોના સંક્રમિતો મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. ત્યારે આમ પ્રજામાં સવાલો ઉદભવવા પામ્યા છે કે દેશમાં ગુજરાતમાં સૌથી વધુ ઓક્સિજન ઉત્પાદન થાય છે અને એ ગુજરાત રાજ્યમાં ઓક્સિજન ન મળવાને કારણે અનેકોને જીવ ગુમાવવા પડે છે આ કેવી કરૂણાંતિકા છે કે જેનો વહીવટ-વ્યવસ્થા કેન્દ્ર સરકાર કરે છે અને ત્યા આપણા ગુજરાતના સપુત.... વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રી સર્વોચ્ચ પદ પર બિરાજમાન છે. અને આવી દશા ગુજરાતની......? બીજી તરફ પ.બંગાળમાં ચૂંટણી પરિણામો બાદ જ જેટલા કાર્યકરોના હિંસક હુમલામાં મૃત્યુ થતાં હારથી ઘાઘા થયેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ, વડા પ્રધાન, ગૃહ પ્રધાન સહિતના દોડતા થઈ જાય છે... અ બીજી તરફ દેશમાં ૨૦૨૦ ની કોરોના મહામારીમાં થી કોઈ સબક ન લેનાર કેન્દ્ર સરકારના કારણે લાખો લોકોને જીવ ગુમાવવા પડ્યા છે..... તેઓને માટે કોઈ સંવેદના નહીં.....આને કેવી સરકાર કહેવાય.....?!કે જ્યાં દેશમાં કોરોનાના કારણે હજારો માણસોને મોત મળે છે પણ કેન્દ્રની મોદી સરકારને તેની ચિંતા નથી....! અને બંગાળમાં હિંસાને કારણે ભાજપના છ જેટલા કાર્યકરોના મોત થયા અને તે કારણે આખી સરકાર દોડતી થઈ ગઈ....! લોકો સવાલ કરી રહ્યા છે કે ક્યા ગઈ મોદી સરકારની સંવેદના......?!**

**દેશનું સમગ્ર હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખખડી ગયેલું છે અને આમ પ્રજા ત્રસ્ત છે-પરેશાન છે. ઓક્સિજનની અછત, રેમડેસિવીરની નિકાસ પર પ્રતિબંધ છતાં જીવન જરૂરી આ દવા સહિતની દવાઓની અછત, હોસ્પિટલોમાં બેડની અછત, એમ્બ્યુલન્સો વધારવા છતાં તેની અછત, વેન્ટીલેટરોની અછત, દેશમાં કોવિડ હોસ્પિટલો કે સારવાર કેન્દ્રો યુધ્ધના ધોરણે ઊભા કરવા માટે તૈયાર અત્યારે બિન ઉપયોગી... જેમાં કોલેજો, શાળાઓ સહિત સરકારે ઉભા કરેલા બિલ્ડીગોનો ઉપયોગ કરવાથી સરકાર અને તંત્ર દૂર રહી હવામા ફાફા મારે છે... વિદેશથી સહાય રૂપે આવેલ રેમડેસિવીરનો જથ્થો સહિતની દવાઓ તેમજ અનેક મેડિકલ સારવારની ચીજવસ્તુઓ એરોડ્રામ પર મોટા જથ્થામાં ખડકાઇ ગઇ છે... પણ તેનો ઉપયોગ કરવાનું તંત્રને સુજતું નથી....! એરપોર્ટ ઓથોરિટીએ તંત્રનું ધ્યાન દોર્યુ છતાં..... ટૂંકમાં સમગ્ર દેશનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખરાબે ચઢી ગયું છે....! બીજી તરફ દેશભરમાં લોકો સમજી ગયા છે કે આજની સરકાર જરૂરી નિર્ણયો લેવામાં નિષ્ફળ રહી છે.....! ત્યારે કોરોના થી બચવા- કોરોના ચેઈન તોડવા માટે લોકડાઉન જરૂરી છે એટલે મોટા ભાગના નાના- મોટા શહેરો, મહાનગરો અને હવે તો ગામડાઓ અને ગ્રામ્ય મથકો સ્વયંભૂ લોકડાઉન કરવા તરફ વળી ગયા છે.... અને સરકાર કોરોના સાકળ તોડવા માટે લોકડાઉન લાદવા તૈયાર નથી.... કારણ અમેરિકાની ટ્રમ્પ નીતિ અનુસાર દેશના અર્થતંત્રને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.... લોકોની માંગ, કોર્ટનો નિર્દેશ,વિપક્ષ નેતાઓની માગ છતા કેન્દ્ર સરકાર ર્ક્ષ્ઠાર્ષ્ઠ્ઠ લાદવા તૈયાર નથી.... આને દેશની કમનસીબી કહીશુ કે પછી સંવેદના ગુમાવી ચુકેલ સત્તાધીશો.....?! વંદે માતરમ્...**

# ભારતમાં બેકાબૂ કોરોના માટે દુરંદેશીનો અભાવ જવાબદાર : રઘુરામ રાજન

ન્યુ દિલ્હી,તા.૫

ભારતીય રિઝર્વ બેંકનાં પૂર્વ ગવર્નર રઘુરામ રાજને ભારતમાં કોરોનાની સ્થિતિ બેકાબૂ બનવા માટે દેશની નેતાગીરી અને દૂરંદેશીનાં અભાવને જવાબદાર ગણાવ્યા હતા. રાજને કહ્યું કે આત્મશ્લાઘા, નેતૃત્વ અને દીર્ઘદ્રષ્ટિનાં અભાવની ભારતનાં લોકો હાલ મોટી કિંમત ચૂકવી રહ્યા છે. ગયા વર્ષે કોરોનાની પહેલી લહેર શાંત પડયા પછી દેશ આત્મમુગ્ધતાની સ્થિતિમાં આવી ગયો હતો. લોકો સંતોષનો શ્વાસ લઈ રહ્યા હતા. નેતાગીરીમાં દીર્ઘદ્રષ્ટિનો અભાવ જોવા મળ્યો હતો. ભારતમાં દરરોજ ૩.૫૦ લાખથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે સંક્રમણ વધી રહ્યું છે. સરકાર પર લોકડાઉન લગાવવા દબાણ છતાં સરકાર તેનો ઈનકાર કરી રહી છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનાં ચીફ અર્થશાસ્ત્રી રહી ચૂકેલા રાજને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, સરકારે સમજવાની જરૂર હતી કે હજી ખતરો ખતમ થયો નથી. બ્રાઝિલની સ્થિતિ પરથી સમજી શકાયું હોત કે વાઈરસ વધુ ખતરનાક બનીને પાછો આવી રહ્યો છે. લોકો એમ સમજયા કે વાઈરસનો ખરાબ તબક્કો પૂરો થઈ ગયો છે અને બધું ખોલવાનો સમય આવી ગયો છે. કોઈએ આ તરફ ધ્યાન આપવાની જરૂર હતી. આ આત્મસંતોષ ભારતને ભારે પડી રહ્યો છે.

# અમેરિકાએ ભારતને ૧૦૦ મિલિયન ડોલરની મદદ કરી પણ ગઈ ક્યાં...?

વોશિંગ્ટન,તા.૫

કોરોનાની ભયાનક સ્થિતિની વચ્ચે દુનિયાભરના દેશ ભારતની મદદ માટે આગળ આવ્યા છે. અમેરિકાએ પણ કોરોના સંકટને પહોંચી વળવા માટે ભારતને મદદ મોકલી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું છે કે, તેમનો દેશ ભારતની ઘણી જ મદદ કરી રહ્યો છે. બાઈડને કહ્યું કે, અમે ભારત અને બ્રાઝીલની ઘણી જ મદદ કરી રહ્યા છીએ. જ્યારે પીએમ મોદી સાથે વાત થઈ તો સમજમાં આવ્યું કે તેમને વેક્સિન બનાવવા સૌથી વધારે કાચા માલની જરૂરિયાત છે. અમે તેમને એ તમામ ચીજો મોકલી રહ્યા છીએ. અમે તેમને ઑક્સિજન મોકલી રહ્યા છીએ. અમને તેમની ઘણી મદદ કરી રહ્યા છીએ. અમેરિકા, બ્રિટન, સાઉદી અરબ સહિત અનેક દેશ ભારતની મદદ કરી રહ્યા છે. જો કે મોટા સ્તર પર આવી રહેલી વિદેશી મદદ છતા ભારતમાં કોરોના દર્દીઓ માટે ઑક્સિજન, દવાઓ અને અન્ય મેડિકલ સાધનોની તંગી પડી રહી છે. આવામાં એ પણ પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે કે દુનિયાભરથી આવી રહેલી મદદ ક્યાં જઈ રહી છે? સોમવારના અમેરિકાના વિદેશ મંત્રાલયની નિયમિત પ્રેસ કૉન્ફરન્સમાં પણ પત્રકારોએ આ પ્રશ્ન પૂછ્યો?

# રૂપાણીને લૉકડાઉન શબ્દથી વાંધો હોય નામકરણ કરી કમલમ કર્ફ્યૂ કરી દો :ડૉ. વસંત પટેલ




અમદાવાદ,તા.૫

ગુજરાતમાં લૉકડાઉનની ચર્ચા છેલ્લા કેટલાક દિવસોથી જોરશોરથી ચાલી રહી છે. રોજે રોજ રાજ્યની જનતા પૂછી રહી છે કે, લોકડાઉન કેમ આવતું નથી, બીજા રાજ્યો એ લગાવી દીધું છે. સુપ્રીમ કોર્ટ થી લઈને ડોકટરો, વેપારીઓ, અને સામાન્ય જનતા પણ લૉકડાઉનની તરફેણ કરી રહ્યાં છે. છતાં સરકાર કેમ લૉકડાઉન લગાવતી નથી? આ અંગે જાણવા મળ્યા મુજબ સરકાર ઓવર કોન્ફિડન્સ માં છે, કે વગર લૉકડાઉનએ કોરોના કાબુમાં લઈ લેશે, અથવા સરકારને ડર છે કે લોકડાઉન થી વેપાર ધંધા રોજગાર ઠપ્પ થઈ જશે, જેથી મજૂર અને ગરીબ જનતાને વેઠવું પડશે.

લૉકડાઉનની માંગ હવે ઉગ્ર બનતી જણાઈ રહી છે. સિનિયર ડૉક્ટર વસંત પટેલે મુખ્યમંત્રીને લૉકડાઉન કરવા અંગે વિનંતી કરી છે. વસંત પટેલ જ નહીં, અન્ય તબીબો પણ ગુજરાતમાં લૉકડાઉનની માગ કરી રહ્યાં છે. ડૉ.વસંત પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં અત્યારે લૉકડાઉન જરૂરી બની ગયું છે. પરંતુ જાણે ઝસ રૂપાણીએ સંવેદના ગુમાવી હોય તેવું જણાઈ રહ્યું છે. જો સીએમને લૉકડાઉન શબ્દથી વાંધો હોય તો નામ બદલી નાખો. લૉકડાઉનનું નામકરણ કરી કમલમ કર્ફ્યૂ કરી દો.

રાજ્યમાં સતત વધી રહેલા કોરોના વાઈરસના સંક્રમણથી સ્થિતિ ખૂબ વણસી રહી છે. દર્દીઓને હૉસ્પિટલમાં પથારીઓ, પ્રાણરક્ષક ઈન્જેક્શન અને ઓક્સિજન સહિતની સુવિધા માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે. રાજ્યમાં સર્જાયેલી આ પરિસ્થિતિને લઈ નિષ્ણાત તબીબો ફરીથી લૉકડાઉન કરવાની માગ કરી રહ્યા છે. જોકે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મીડિયા સમક્ષ કહી ચૂક્યા છે કે તેમની સરકાર લૉકડાઉન લાદવાના પક્ષમાં નથી.

લૉકડાઉનની માગણી કરી રહેલા સિનિયર ડૉક્ટર વસંત પટેલે પરિસ્થિતિને જોઈને વાતચીત કરી, જેમાં કેટલાક તબીબોએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં કોરોનાના સતત વધી રહેલા સંક્રમણની ચેઈન તોડવા માટે લૉકડાઉન જરૂરી છે. ગુજરાતમાં કોરોનાનો કેર દિવસેને દિવસે વધી રહ્યો છે. તેમાં પણ મહાનગરોની સ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે. કોરોના વાઈરસના નવા મ્યુટેશનના કારણે હાલમાં વાઈરસ દર્દીના શરીરમાં ઝડપથી પ્રસરે છે. ત્રણ દિવસમાં જ દર્દીને શ્વાસને લગતી તકલીફ શરૂ થઈ જાય છે.

સિનિયર ડૉક્ટર વસંત પટેલે કોરોનાની પરિસ્થિતિ અંગે વાત કરતાં કહ્યું કે, રાજ્યમાં હાલની પરિસ્થિતિ ખૂબ ગંભીર છે, જો લૉકડાઉન લગાવવામાં આવે તો કોરોના વાઈરસના અતિ ઝડપથી વધી રહેલા સંક્રમણ પર ચોક્કસપણે બ્રેક લગાવી શકાય તેમ છે. જો લૉકડાઉન લગાવવામાં નહીં આવે તો આવનારા સમયમાં કોરોનાના બમણા કેસ જોવા મળે તેવી સ્થિતિ પણ સર્જાવાની શક્યતા રહેલી છે.

રાજ્યમાં કોરોનાથી મોતના આંકડા છૂપાવવાનો ખેલ પણ ચાલી રહ્યો હોવાની વાત સામે આવી છે. જો સરકાર કોરોનામાં મોતના સાચા આંકડા જાહેર નહીં કરે તો કોર્ટમાં ઁની ચીમકી પણ ઉચ્ચારી છે. સાચા આંકડા જાહેર કરવા ડૉ. વસંત પટેલે માંગ કરી છે. તેમણે જણાવ્યું છે કે ૨૦૨૦-૨૦૨૧ના મોતના આંકડા ગુજરાત સરકાર જાહેર કરે. સંદેશ ન્યૂઝની મુહિમથી આંકડા લોકો સુધી પહોંચે છે. ડો.વસંત પટેલે આકરા શબ્દોમાં સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું છે કે રાજ્યમાં થતી આંકડાના સેટલમેન્ટ સરકાર બંધ કરે. મોત અને સંક્રમણના આંકડાઓ સરકાર જાહેર કરે. મોતનો આંકડો જાહેર કરવો અત્યંત જરૂરી છે. આવનારા દિવસોમાં સારવાર તેમ જ સર્વેય માટે આંકડાઓ જાહેર થવા જોઈએ. ૨૦૨૦થી ૨૦૨૧ સુધીના મોતના આંકડા સરકારે જાહેર કરવા જોઈએ. સંદેશ ન્યૂઝની મુહિમથી આંકડાકીય માહિતી લોકો સુધી પહોંચે છે. જો આંકડા નહિ જાહેર કરાય તો કોર્ટમાં ૈ કરવામાં આવશે.

# કોવિડ આઇસોલેશનના પોલીસ કોન્સ્ટેબલ પોતે તેના પરિવાર સાથે ભાગી જતા કોન્સ્ટેબલ સામે પોલીસ ફરિયાદ

## કાયદાના રક્ષક એ જ કાયદાનો ભંગ કર્યો કેવડિયા એસઆરપી પોલીસ કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કરાયો.

રાજપીપળા,તા.૫

ગોરા એકલવ્ય સ્કુલમાં કોવીડ આઈસોલેશન ના પોલીસ કોન્સ્ટેબલ પોતે તેના પરિવાર સાથે ભાગી જતા કોન્સ્ટેબલ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગરૂડેશ્વર તાલુકાના ગોરા એકલવ્ય સ્કુલમાં આઈસોલેશનના પોલીસ કોન્સ્ટેબલ પરિવાર સાથે ત્યાંથી કોઈને કહ્યા વગર નાસી જઇ જાહેરનામા ભંગની ફરિયાદ પોલીસ કોન્સ્ટેબલ સામે કેવડીયા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. જેમાં ફરિયાદી ડી. બી.બારડ નાયબ પોલીસ અધિક્ષક એસઆરપી કેવડીયાકોલોની એ આરોપી પોકો તુષારભાઈ છગનભાઈ તડવી (રહે,કેવડીયા, એસઆરપી ગૃપ ૧૮ ગરુડેશ્વર) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી પોકો તુષારભાઈ તા.૨૬/૪/ ૨૦ના રોજ એકલવ્ય સ્કૂલ ખાતે બીમારીનો ફેલાવો થયો તેવો તરફથી થશે તેવી સંભાવના ની જાણ હોવા છતાં જિંદગીની જોખમકારક રોગોનો ચેપ ફેલાવવા સંભવ હોય તે રીતે પોતાના કાયદેસરની જવાબદારી અને ફરજ માં ચૂક કરી કોઈને કહ્યા વગર પોતાની પરિવાર સાથે ભાગી જઈ જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં પોલીસ કોન્સ્ટેબલ સામે ફરિયાદ કરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# શિક્ષણ અને નોકરી ક્ષેત્રે મરાઠા આરક્ષણ ગેરબંધારણીય -સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૫


સુપ્રીમ કોર્ટે બુધવારે મરાઠા આરક્ષણને લઈ મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. સર્વોચ્ચ અદાલતે શિક્ષણ અને નોકરી ક્ષેત્રે મરાઠા અનામતને ગેરબંધારણીય ઠેરવી દીધી છે. કોર્ટના ચુકાદા પ્રમાણે હવે કોઈ નવી વ્યક્તિને મરાઠા આરક્ષણના આધાર પર કોઈ નોકરી કે કોલેજમાં સીટ નહીં આપી શકાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મરાઠા સમુદાયને ક્વોટા માટે સામાજીક, શૈક્ષણિક રીતે પછાત ઘોષિત ન કરી શકાય, તે ૨૦૧૮ના મહારાષ્ટ્ર રાજ્ય કાયદા સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. કોર્ટે કહ્યું કે, તે ૧૯૯૨ના નિર્ણયની ફરીથી સમીક્ષા નહીં કરે, જેમાં આરક્ષણનો ક્વોટા ૫૦ ટકા પર અટકાવી દેવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટની ૫ જજોની પીઠે આ નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે મરાઠા આરક્ષણ ૫૦ ટકાની સીમાનું ઉલ્લંઘન છે. કોર્ટના આ ચુકાદા બાદ પીજી મેડિકલ અભ્યાસક્રમમાં પહેલાથી જે દાખલા કરાયા હશે તેમાં ફેરફાર નહીં થાય, પહેલાની તમામ નિમણૂકમાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે. મતલબ કે પહેલાના દાખલા અને નિમણૂક પર પ્રભાવ નહીં પડે.

૫ જજોએ ૩ અલગ-અલગ નિર્ણય આપ્યા હતા પરંતુ બધાએ મરાઠા સમુદાયને આરક્ષણ ન આપી શકાય તેમ માન્યું હતું, આરક્ષણ ૫૦ ટકાથી વધારે ન હોઈ શકે, આરક્ષણ ફક્ત પછાત વર્ગને આપી શકાય, મરાઠા આ કેટેગરીમાં નથી આવતા, રાજ્ય સરકારે ઈમરજન્સી ક્લોજ અંતર્ગત આરક્ષણ આપ્યું હતું પરંતુ અહીં કોઈ ઈમરજન્સી નહોતી. વિવિધ સમુદાયો અને આર્થિક રીતે નબળા લોકોને આપવામાં આવેલા આરક્ષણને મેળવીએ તો મહારાષ્ટ્રમાં આશરે ૭૫ ટકા આરક્ષણ થઈ ગયું છે. ૨૦૦૧ના રાજ્ય આરક્ષણ અધિનિયમ બાદ મહારાષ્ટ્રમાં કુલ આરક્ષણ ૫૨ ટકા હતું. ૧૨-૧૩ ટકા મરાઠા ક્વોટા સાથે રાજયનું કુલ આરક્ષણ ૬૪-૬૫ ટકા થઈ ગયું હતું. રાજ્યમાં કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલો આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ) માટેનો ૧૦ ટકા ક્વોટા પણ પ્રભાવી છે.

# ભાવનગરના વરિષ્ઠ કવિશ્રી ગુણવંતભાઈ ઉપાધ્યાયની ચિર વિદાય



શબ્દો નથી મારી પાસે. ગઝલને અને અમને સહુને એકધારા ચાહનારા ભાવનગરના વરિષ્ઠ કવિશ્રી ગુણવંતભાઈ ઉપાધ્યાયની ચિર વિદાય અસહ્ય છે.

એક ફાઈટર તરીકે બીમારીઓ સામે એ લડેલા...છેલ્લે પણ એ જ સ્પિરિટ સાથે ઘણા દિવસો ઝઝૂમ્યા. ભાઈ ડો.. પરેશ સોલંકીના અથાક પ્રયત્નો અને ગુરુપ્રીતિને સલામ કરવી જ ઘટે.

×સ્કૂલ ઓફ ગુજરાતી ગઝલ× એ ગુણવંતભાઈના કવિતાસર્જન અને સંપાદન સિવાયનું એક ખૂબ મહત્વનું કામ રહેલું. એ કામ ફરીથી ભાવનગર અને મિત્રો ઉપાડી લે એવી મારી કાયમની ઈચ્છા સાકાર થાય તો એ એમને ખરી અંજલિ બની રહેશે.

કવિતાકક્ષ તરફનાં એમનાં પ્રેમ અને નિસબત અમારા દરેકની આંખોમાં અત્યારે વહી રહ્યાં છે. દિલેરબાબુ, રાહી, અરુણ દેશાણી પછી આ ચોથો સ્તંભ આજે દૈહિક સ્વરૂપે ધ્વસ્ત થયો છે પણ એમની લાગણી, એમનો પ્રેમ, એમનો સકારાત્મક અભિગમ અમને સતત દિશા દેખાડતા રહેશે.

ભાવનગરના કવિતાજગત માટે એક યુગ આથમ્યો એમ કહું તો ખોટું નથી. એમની દિવ્ય ચેતનાને વંદન.

દિવસ અજવાળવા જેવું જ
આ તો કામ છે મિત્રો!
થશે થોડુંય, તો અંતિમ પળે
'હે રામ' બોલાશે.

: ગુણવંત ઉપાધ્યાય

# એક કોરોના-મિટિંગ

કોરોનાની વણસેલી પરિસ્થિતિને જોતાં સાહેબ અને અધિકારીઓ વચ્ચે મિટિંગ યોજાઈ છે. એક પછી એક માસ્કધારીઓ આવે છે અને લાંબા ટેબલની ફરતે ગોઠવાય છે.

અધિકારી ૧ (પ્યૂનને): ભાઈ, એસી વધાર જરા. પરસેવો છૂટી ગયો છે.

પ્યૂનઃ સાહેબ, એસી વધારે જ છે. ક્યારનું ઠંડું કરી રાખ્યું છે. પણ તમને લોકોના ગુસ્સાને લીધે કદાચ...

(અધિકારી ડોળા કાઢે છે. એટલે પ્યૂન બોલતો અટકી જાય છે.)

અધિકારી ૨: આવા વખતે માસ્ક કેટલા સારા પડે, નહીં?

અધિકારી ૩: હાસ્તો, ઈન્ફેક્શનની ચિંતા નહીં

અધિકારી ૨: ને ઓળખાઈ જવાની પણ.

(સાહેબની પધરામણી થાય છે. સાહેબ પણ પરસેવો લૂછે છે. અધિકારી ૧ પ્યૂન સામે જુએ છે. પ્યૂન નીચું જોઈ જાય છે.)

સાહેબઃ તમે લોકો શું કરો છો? આ બધું શું છે?

ખૂણામાંથી અવાજઃ આ સવાલ પહેલાં તમારે તમારી જાતને પૂછવો જોઈએ એવું નથી લાગતું?

(સાહેબ ચમકીને અવાજ તરફ જુએ છે, પણ કંઈ દેખાતું નથી.)

સાહેબ (અધિકારી ૧ને) : તમે હમણાં કંઈ સાંભળ્યું?

અધિકારી ૧ઃ તમે સાંભળ્યું, સાહેબ?

સાહેબઃ ના.

અધિકારી ૧ઃ બસ તો પછી, સાહેબ. તમે જે ન સાંભળી શકો, એ મેં શી રીતે સાંભળ્યું હોય? મારાથી સંભળાય જ શી રીતે? હું તો રાજ્યનો એટલે કે પક્ષનો એટલે કે આપનો...

ખૂણામાંથી અવાજઃ ટૂંકમાં રાજ્યના લોકો સિવાય બધાનો...

(સાહેબ અવાજને અવગણીને ખોંખારો ખાય છે અને કપાળેથી પરસેવો લૂછીને ફરી શરૂ કરે છે. આ વખતે પ્યૂન મૂછમાં હસતો પાણી લાવવાના બહાને બહાર જતો રહે છે)

સાહેબઃ તમને ખબર છે, આવું ને આવું ચાલશે તો શું થશે?

અધિકારી ૪ઃ હા, સાહેબ. આપણે ચૂંટણી હારી જઈશું.

અધિકારી ૫ઃ અહીં લોકોના જીવ જાય છે, સ્મશાનમાં ભઠ્ઠીઓ ને લાકડાં ખૂટી પડ્યાં છે ને તમને ચૂંટણીની પડી છે?

ખૂણામાંનો અવાજઃ કોણે બોલવાના ડાયલોગ કોણ બોલે છે....

(સાહેબના હાવભાવ પરથી જણાય છે કે તેમણે અવાજ સાંભળ્યો તો છે. પણ તે અકળામણથી અવગણે છે.)

સાહેબ (અધિકારી ૪ને): પરિસ્થિતિ આટલી ગંભીર છે—વાત ચૂંટણીમાં ખરાબ અસર પડવા સુધી આવી ગઈ છે અને તમે લોકો કંઈ કરતા નથી? તમને સમજાતું નથી કે દેશના ભવિષ્યનો સવાલ છે?

અધિકારી ૪ઃ એવું નથી સાહેબ, અમે થાય એટલું બધું કરીએ છીએ. (એમ કહીને આખા રાજ્યમાં આટલા બેડ છે, આટલો ઓક્સિજન છે, આટલી રેમડેસિવિર છે એવા આંકડા બોલવાના ચાલુ કરે છે.)

સાહેબ : તમે લોકો મને મૂરખ સમજો છો? આ તો કાલે આપણી જાહેરખબરમાં છાપવાના આંકડા છે.

અધિકારી ૧ : સૉરી સાહેબ. ભૂલથી બીજું કાગળ આવી ગયું હતું. અમારો ઈરાદો તમને ગેરરસ્તે દોરવાનો કે તમારા સવાલનો ઉડાઉ જવાબ ન હતો. રીઅલી સૉરી.

સાહેબઃ ઈટ્સ ઑલ રાઈટ. આગળ વધો. બોલો. તમે શું કર્યું?

અધિકારી ૧ : સાહેબ, પેલું રેમડેસિવિરનાં ઈન્જેક્શનવાળું થયું હતું ને?

સાહેબ (સહેજ ચિઢાઈને) : હા, તે એનું શું છે? એવાં સળગતાં લાકડાં શું કરવા યાદ કરાવો છો?

અધિકારી ૧ : ના સાહેબ. એ જ કહેવા માટે કે એ સળગતું લાકડું કેવું એક જ દિવસમાં ઓલવી નાખ્યું? પછી એના વિશે કોઈએ કંઈ લખ્યું?

સાહેબઃ ઠીક છે. પણ આ તો ડૅમેજ કન્ટ્રોલ થયો. પૉઝિટિવ કામ શું કર્યું?

અધિકારી ૨ : હોય સાહેબ? સૂચના મુજબ સોશિયલ મિડીયા પર કેટલા બધા લોકોને પૉઝિટિવ લખવા અને પૉઝિટિવિટી ફેલાવવા લગાડી દીધા છે. બીજા કેટલાકને એવું સોંપી દીધું છે કે તમે મહારાષ્ટ્ર અને બંગાળની, રેલી સિવાયની, વાતો લાવતા રહો. ત્રીજો વર્ગ 'દેશે તમારા માટે શું કર્યું એ નહીં, તમે દેશ માટે શું કર્યું એ કહો.'—એવું બધું લખીને રોષે ભરાયેલા લોકોને શરમમાં નાખવા કોશિશ કરે છે. તમે કહેતા હો તો ટીકાકારો પર યુએપીએ કે રાજદ્રોહ...?

સાહેબ (પ્રસન્નતા માંડમાંડ ખાળીને) : હમણાં એ રહેવા દો. પછી જોઈશું. અત્યારે આપણે મુખ્ય કામમાં ધ્યાન આપો.

ખૂણાનો અવાજઃ મુખ્ય કામ એટલે મેટ્રો કે કોઈ નવું વિશ્વનું વધુ મોટામાં મોટું સ્ટેડિયમ કે સ્ટેચ્યુ ઑફ કેલેમિટી કે એવું કંઈ?

સાહેબ (ગિન્નાઈને, અધિકારી ૧ને) : સૌથી પહેલાં તો, આવતી વખતથી તમે મિટિંગનું સ્થળ બદલી નાખજો. અને બીજો મિટિંગ હૉલ ન હોય તો તે બંધાવી દેજો. આ જગ્યામાં કંઈક લાગે છે. ભૂત-પ્રેત-આત્મા...તમે માનો છો એવું કંઈ?

અધિકારી ૧ : બિલકુલ નહીં સાહેબ. હું તો આત્મામાં કે આત્માના અવાજમાં—કશાયમાં નથી માનતો.

સાહેબઃ વેરી ગુડ. દેશ આવી રીતે વિજ્ઞાનના રસ્તે ચાલશે તો જ આગળ આવશે.

અધિકારી ૧ : પણ અગાઉના અધિકારી કહેતા હતા કે આ રૂમમાં ઘણાને આત્માનો ખોવાયેલો અવાજ સંભળાય છે.

સાહેબઃ છોડો એ વાત. આપણે એટલું કરી દો કે જિલ્લે જિલ્લે, તાલુકે તાલુકે, ગામડે ગામડે આપણા કાર્યકરો નીમી દો.

અધિકારી ૧ : એ લોકોને કોરોના-મૅનેજમૅન્ટ ફાવશે?

સાહેબ : એની કોણ વાત કરે છે? એ લોકો સ્થાનિક લોકોનો ગુસ્સો ઉતરે, એટલે તેમને ફરી આપણી બાજુ વાળી લેશે. એક વાર આવતી ચૂંટણી આપણે જીતી જઈએ તો કોરોના-ફોરોનાને તો જોઈ લઈશું.

(ગુજરાતમિત્ર, રવિવારની પૂર્તિ, ૨૫-૪-૨૧. લખ્યા તા. ૨૧-૪-૨૧)

**ઉર્વીશ કોઠારી**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : વટ.વચન.વેર વિષયક રચનાઓ - .દિવસ - ૪

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No.- 0050
વિભાગ - પદ્ય
વિષય- વટ ,વચન,વેર
પ્રકાર- મૌલિક રચના
શીર્ષક- વચન આપ્યું.

વચન માંગીશ નહીં પણ આપીશ..!
રાખી હૈયા પર તમારો હાથ, ધડકનમાં તમે વસો છો..! જીવન કેટલું જીવશું , કોને ખબર છે ..?
મારા જીવનનો ભાગ તને આપી દઈશ..!
મારી જિંદગીની ખુશીઓ તારા માં રહેલી છે..!
આ જીવન નિભાવીશ વચનને,
તું સાંભળે કે ના સાંભળે..!
તારી સાથે વાત કરી હળવી થાઉં છું ..!
વાત કર્યા વગર ચેન નથી મને, આગળ વધ્યાં પછી પાછાં જવાનો મારગ નથી...!
આપ્યું વચન તને જિંદગી ભર, સાથ નિભાવીશ પ્રેમથી..!
પ્રેમ છે, રહેવાનો,
રહેશે સદાય ..!
તારી સાથે જિંદગીની હર પળ નિરાળી..!
તું છે તો હું છું..!
રાગીની શુક્લ" રાગ",(મુંબઈ, કાંદિવલી.)

---

NOG SS No :- 0038
શબ્દ :- વટ વચન વેર
વિભાગ :- પદ્ય
શીર્ષક :- વેર વટ વચન

આ કેવી વસૂલાત કરી રહ્યો વેરની ?
આંગણે રૂવે બાળ ને મા ની અંતિમ વિદાય પ્રભુ.
માન્યું તારી શક્તિને લલકારી અહીં,
પ્રકૃતિનો કર્યો વિનાશ માનવે વેર તું આમ ના લઈશ પ્રભુ.
ખૂટી પડ્યાં આજે શ્વાસ તડપે માનવી,
તારો ઉજડી રહ્યો બાગ તૂટી રહ્યાં તારા બનાવેલ રમકડાં પ્રભુ.
ના મૂકે કોઈ ગંગાજળ મુખમાં
અંતિમ સમયે ના કોઈની કાંધ,
વટથી જીવતો લાચાર બનીને જાય પ્રભુ.
વચન હવે આપીએ અમે માનવી,
તું જ છે સર્વોપરી અહીં તારી મરજી વિરુધ્ધ નહિ ચાલીએ પ્રભુ.
શીલા પટેલ "આકાંક્ષા"

---

NGO SS NO : 0015
વિષય શબ્દ:- વટ, વચન અને વેર
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- સાવ નોખી

હૈયું ધાર્યું રાખે સઘળું દાબી, સાવ એની જાત નોખી
થાય ભીતર પ્રેમ પેદા, સાવ એની નાત નોખી.
હોઠ સીવી રાખવાનાં બોલકી જીભે બિચારી,
મૌન બોલે, આંખ સમજે , સાવ એની વાત નોખી.
લાગણીઓ ફેરવે પડખાં ભરીને તરસ તનમાં,
શ્વાસ ઊંઘે, ખ્વાબ જાગે, સાવ એની રાત નોખી.
વટના વેધક ખંજરોથી ભેટ મળતી રોજ નવલી,
વેર પાડે ઘાવ ઊંડા, સાવ એની લાત નોખી.
હૈયું ભડકે રોજ બળતું વિરહ સંગાથે અગનમાં,
ડુસકું મૂંગી ચીખ પાડે, સાવ એની ભાત નોખી.
મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ),ખેરાળી

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- વટ, વચન ને વેર
પ્રકાર- પદ્ય
શીર્ષક- વચનો વચ્ચે પ્રજા

દેશવાસી સૌ હરખી ઊઠ્યાં જ્યારે દ્વારે ચુંટણી રે આવી..
તનમનાટમાં પ્રત્યાશીઓએ ખૂબ પીટ્યા ઢંઢેરા, રેલી કાઢી..
હાથ જોડ્યાં, અતિ વિનમ્ર બની વચનોનાં પટારા નાંખ્યાં ખોલી..
જીત્યાં ત્યારે, કાઢ્યાં વિજય સરઘસ ઘણાં ફટાકડાં ફોડી..
જીતના નશે બન્યાં મદોન્મત્ત, અનાથ પ્રજા તરછોડી! ..
મહારોગ આવ્યો કોરોના તણો, રહ્યો માનવીને ધમરોળી..
વર્ષ દા'ડાથી, અભીક ડોક્ટર સૌ અથાગ સેવા કરે રોગી તણી..
ટપોટપ મરતાં માનવીને, સ્મશાને કતારો લાગી છેક લાંબી!
ખૂટ્યાં સંસાધન, ખૂટ્યો પ્રાણવાયુ, કરે કલ્પાંત માનવી રોઈ રોઈ!..
હીબકે ચઢ્યો દેશ, રડે લોહીનાં આંસુ! લમણે હાથ જ દઈ..
ભૂલ થઈ જઘન્ય, કપાયું કંઈક કાચું, કે પ્રશાસને થાપ ખાધી?..
નકલી ઇન્જેક્શન ને દવાઓ કેરી માનવી કરે કાળાંબજારી..
સત્તાધારીઓએ વળ દઈ વટનો, ફડાકી વાતો કરી ને કરાવી..
દેશનો વટ પડ્યો હેઠે! ને પ્રજા ચઢી ઠેબે, વાણીવિલાસ પડે ભારી.
ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

NOG SS No 0075
વિભાગ : પદ્ય
વિષય : વટ, વચન ને વેર
શીર્ષક : પાછો ફર

વહાલો બાળ
સજાવ્યો હેતે
લેતી મા ઓવારણાં
કેવો છે વટ
મારા કાનનો !
વેણુ વગાડે
યમુના તીરે
જો કાન, ઘેલી રાધા
યુગોથી દોડે
વચનબદ્ધ!
કહે કાનજી
શા વેર હતાં?
ન ફર્યો પાછો કદી
શૈશવ સ્નેહ
દીધો વિસારી !
વિનંતી મારી
છોડ, હવે તું
વટ, વચન ને વેર
ચાતક સમ
અધીરા નેણ!
થશે અનન્ય
સુખ દર્શને !
ભૂલાશે દેહ દુનિયા
ગુંજશે નાદ
તૂ હી ૐકાર !
કૌમુદી સોની




વેજલપુર વિસ્તારમાં આવેલ ખીજડીયા હનુમાનજી મહારાજના મંદિરે હનુમાનજી જન્મોત્સવ દર વર્ષની માફક ચાલુ સાલે પણ હવનનું આયોજન કરવામાં આવેલ હતું આ વર્ષે કોરોના મહામારીમાંથી સવેનુ સ્વસ્થ સારૂ નિરોગી ભય મુક્ત રહે તે હેતુથી જન્મોત્સવ નિમિત્તે વિશ્વ કલ્યાણ માટે હવનનું આયોજન કરવામાં આવેલ જેના યજમાન પદે પ્રમોદભાઈ શમોએ સ્થાન નીચે કરવામાં આવેલ પ્રખર કમેકાડી બ્રાહ્મણ આચાર્ય પદે બિપિનભાઈ શાસ્ત્રી તથા પુજારી રીતેશભાઈ મહારાજ સેવક નવિન ભાઈ તેમજ કમેકાડી બાહ્યણો એ મંત્રોચ્ચાર કરી હવન કરવામાં આવેલ આ હવનમાં યજમાન ઘી જવ વિગેરેની આહુતિ આપી રહ્યા છે.

## ફોટો ગેલેરી









# નર્મદા જિલ્લા વાસીઓ માટે રાહત ના સમાચાર HRCT ના ટેસ્ટ ના જિલ્લા કલકેટર દ્વારા ૫૦૦ ઘટાડો કર્યો



રાજપીપલા:- તા ૫

નર્મદા જિલ્લો અતિપછાટ અને આદિવાસી જિલ્લો છે અહીં મોટાભાગે લોકો ખેતી પર નિર્ભય છે ત્યારે હાલ કોરોના મહામારી જિલ્લા માં વધી રહી છે અને આ કોરોના ટેસ્ટ માં ર્ષ્ટિ,રેપીડ,તૃનટ ટેસ્ટ સરકાર દ્વારા મફત માં કરવામાં આવે છે જોકે કોરોના પોઝિટિવ માં કેટલાક લોકો ને સીધી અસર ફેફસા પર પડતી હોય છે જેનું પ્રમાણ જોવા HRCT (સિટીસ્કેન )ટેસ્ટ ની જરૂર પડે છે જે માટે રાજપીપલા એક માત્ર નર્મદા ડાયગ્નોસ્ટીક્સ સેન્ટર પર કરવામાં આવે છે જેનો ચાર્જ ૩૦૦૦ રૂપિયા હતા પરંતુ હાલ જિલ્લા કલકેટર દ્વારા આમા પણ રાહત કરવામાં આવ્યો છે રાજપીપલામાં વિજય પ્રસુતિગૃહ ખાતે કાર્યરત નર્મદા ડાયગ્નોસ્ટીક્સ સેન્ટર ખાતે હાલની પેડનેમિક પરિસ્થિતિમાં તેમને ત્યાં કોવિડ-૧૯ ના પરિક્ષણ માટે HRCT થતાં હોય છે. સદર HRCT નો ચાર્જ આ સેન્ટર દ્વારા પેશન્ટ પાસેથી અગાઉ રૂા.૩૦૦૦ લેવામાં આવતો હતો. જે અંગે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કરાયેલા પ્રયાસોથી સદરહું સેન્ટરના તબીબ-સંચાલક તરફથી તેમાં રૂા.૫૦૦ નો ઘટડો કરી નર્મદા જિલ્લા ની પ્રજા ને રાહત આપવામાં આવી છે હવે પછી પેશન્ટ પાસેથી ફક્ત રૂા.૨૫૦૦ નો જ ચાર્જ લેવામાં આવશે. આ સિવાય આ સેન્ટર તરફથી વધારાનો કોઇ ચાર્જ લેવામાં આવતો નથી અને દરેક પેશન્ટને તે બાબતની રસીદ આપવામાં આવશે તે મતલબનું લેખિત અનુમોદન નર્મદા જિલ્લા પ્રશાસન-જિલ્લા આરોગ્યતંત્રને નર્મદા ડાયગ્નોસ્ટીક્સ સેન્ટર તરફથી ગરીબ પ્રજા ને રાહત મળતા આનંદ ની લાગણી ફેલાઈ છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# દેડીયાપાડા તાલુકાના જર ગામનો પાસાનો આરોપી ભાગતો ફરતો હોઈ તેને ૩૦દિવસ હાજર થવાનું ફરમાન

રાજપીપલા,તા ૫

નર્મદા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી દેડીયાપાડા તાલુકાના જર ગામના નિશાળ ફળિયાના રહેવાસી સંદિપભાઇ જેઠાભાઇ વસાવાનો તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ પાસા હેઠળ અટકાયતનો હુકમ કર્યો હતો જેને રાજયના ગૃહ વિભાગ તરફથી ગ્રાહય રખાયો હતો.

નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક તરફથી પ્રિવેન્ટીવ ડિટેકશન ઓર્ડરના અમલ માટે સતત પ્રયત્નો કરવા છતાં સંદિપભાઇ જેઠાભાઇ વસાવા છુપાતાં અથવા ભાગતાં ફરે છે, જેના કારણે ઉક્ત હુકમની બજવણી થઇ શકી નથી. જેથી નર્મદા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટને ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટીવિટીઝ એક્ટ-૧૯૮૫ ની કલમ-૮ (૨) (ક) હેઠળ ભાગેડુ સંદિપભાઇ જેઠાભાઇ વસાવાને તા.૦૪/૦૫/૨૦૨૧ ના હુકમથી દિન-૩૦ માં ગુજરાત રાજયનાં નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ અથવા નજીકનાં પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું ફરમાન કરેલ છે.

ઉપરોક્ત સમય મર્યાદામાં હાજર થવામાં ચૂક થયેથી સંદિપભાઇ જેઠાભાઇ વસાવાની સામે કાયદાની જોગવાઇ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## કલાક્ષેત્રે ના પુરાય તેવી ખોટ કોરોનાકાળ દરમ્યાન નામી કલાકારોની વિદાય



કલા ક્ષેત્રને કોરોનાકાળ દરમ્યાન ના સહેવાય તેવી ખોટ પડી છે. ખૂબજ સારા કલાકારોએ કોરોનાકાળ દરમ્યાન આપણી વચ્ચે થી વિદાય લીધી છે. જેમાં જગદીશ ખત્રી, સુરજ રામાવત, ભરત પટણી, શૈલેષ રાવલ, રમેશ પરમાર જેવા કલા સમર્પિત પ્રેમાળ કલાકાર ન રહ્યા, પરંતુ તેઓ પોતાની કલા દ્વારા સદાય આપણી વચ્ચે જીવંત રહેશે.

તા.૩૦-૪-૨૧ને શુક્રવારે શ્રી રમેશભાઈ પરમાર આપણી વચ્ચે ન રહ્યા કે જેઓ સદાય કલા તેમજ કલાકારો માટે સદાય પ્રવૃત્ત રહેતા. તસ્વીરકારો અને કલાપ્રેમિઓથી અજાણ નહતા. નિહારીકા સોસાયટી (તસ્વીરકલા)ની ખૂબ નજીક હતા. નિહારીકા સોસાયટી દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓમાં હંમેશા સમર્થન અને યોગદાન આપ્યું છે. ફોટોગ્રાફીને આર્ટ તરીકે પ્રોત્સાહન આપવા અને સ્થાપિત કરવા માટે તેઓનું યોગદાન કયારેય ભૂલાય તેમ નથી. રાજય અને રાષ્ટ્રીય કક્ષાની ફોટોગ્રાફી સ્પર્ધાઓ, વર્કશોપ, શિબિરો તેમજ વિવિધ કલા ક્ષેત્રના કલાકાર સન્માન, કલાકારો પરના દસ્તાવેજી ચિત્રો વિગેરે દ્વારા ગુજરાત રાજય એકેડમીને સક્રિય સંસ્થા તરીકે સ્થાપિત કરવામાં તેઓનું મહત્વનું યોગદાન હતું. તેજસ્વી કલાકારો માટે કાર્યક્રમ, સ્થાયી સમિતિના સભ્યોની સહાય અને માર્ગદર્શનથી આ બધી પ્રવૃત્તિઓ હવે વાર્ષિક ઘટના બની ગઈ છે. તે કલા અને કલકારના પ્રખર ચાહક અને કલાકારોને પ્રોત્સાહિત કરતી બધી પ્રવૃત્તિઓમાં ઉંડો રસ લેતા હતા. ગુજરાત લલિતકલા એકેડમીના સેક્રેટરી પદે રહી વર્ષો સુધી પ્રત્યેક કલાને ઉજાગર કરવા તેઓ સતત પ્રવૃત્ત રહેતા. કલા ક્ષેત્રે તેઓનું યોગદાન કયારેય ભૂલાય તેમ નથી. તેવા શ્રી રમેશભાઈ પરમારની જીવંત વિશ્વમાંથી વિદાય એ પ્રત્યેક કલાકારો, કલાપ્રેમીઓ, મિત્રો, પરિવારજનો, નિહારીકા સોસાયટી માટે ના પૂરાય તેવી ખોટ સર્જાઈ છે. કલા દ્વારા સદાય આપણી વચ્ચે જીવંત રહેનાર આ કલાકારોને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે.

સૌજન્ય : વિનય પંડ્યા

### ફરજનો સાદ : લગ્નના ચોથા જ દિવસે ફરજ પર હાજર થયા આરતીબેન

# ડાયેટ વિભાગના સહકર્મીઓ કોરોનાથી સંક્રમિત થતા નવવધુ આરતીબહેને કામે વળગીને પરિસ્થિતિ સંભાળી






લગ્નજીવનની હજૂ તો શરૂઆત જ થઇ હતી, હાથની મહેંદી પણ હજૂ સુકાઇ ન હતી, દાપત્યજીવન શું હોય તે સમજવાના પ્રયત્નો કરી રહ્યા હતા, લગ્નજીવન બાદ મનના માણીગર સાથે સમય પસાર કરવાના સ્વપ્ન સેવતા હતા અને તેને જાણવાની કોશિશ જ કરી રહ્યા હતા.. ત્યાં જ આરતીબહેનનો ફોન રણક્યો... "આપણા ડાયેટિશિયન વિભાગમાં છ મિત્રો કોરોના પોઝિટિવ થયા છે".ક્ષણભરનો પણ વિચાર કર્યા વગર આરતીબેને કહ્યું "હું કાલથી ડ્યુટી જોઇન કરૂ છું".

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં રહેતા આરતીબેન ગર્જ્જરના લગ્ન હજુ ગત પચીસમી એપ્રિલના રોજ ખંભાત ખાતે થયા હતા. તેઓના દાપત્યજીવનની હજુ શરૂઆત જ થઇ હતી. લગ્ન બાદ સ્વભાવિક છે કે સાસરે રહીને નવજીવનને, નવી જવાબદારીઓને સમજવાની કોશિશ કરી રહ્યા હતા. ત્યાં જ તેમને જાણ થઇ કે અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝિગ્નેટેડ હોસ્પિટલના ડાયેટ વિભાગમાં તેમના મિત્રો કોરોનાથી સંક્રમિત થઇ ગયા છે. પરિસ્થિતિ પારખીને આરતીબહેને પોતાની કર્તવ્યનિષ્ઠાને પ્રાધાન્ય આપવાનું પસંદ કર્યું. તમામ અરમાનો અને સપનાઓને બાજુમાં મૂકીને આરતીબહેને લગ્ન પછીના ચોથા જ દિવસે ડયુટી જોઇન કરી લીધી. છેડાછેડીની ગાંઠ હજુ છૂટી પણ નહોતી ત્યાં તેમણે તેમણે ફરજ પ્રત્યેની ગાંઠ મનમાં બાંધી લીધી હતી. આરતીબહેન ગર્જ્જર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષથી કોરોનામાં ફરજ અદા કરી રહ્યા છે. કોરોના વોર્ડમાં દાખલ દર્દીને સમયસર ભોજન મળી રહે તે માટે દર્દીઓના અન્નપૂર્ણા બનીને કામગીરીનું ઉત્તમ ઉદાહરણ આરતીબહેને પુરુ પાડ્યું છે. તેઓ વોર્ડમાં જઇને દર્દીઓને અલગ અલગ સમયે સંતુલિત ખોરાક, તેમના શરીરના જરૂરિયાત મુજબનો ખોરાક નક્કી કરીને તેમને પહોંચતુ કરે છે. ઘણી વખત વોર્ડમાં જઇને જે દર્દીઓ મોં વાટે ખોરાક નથી લઇ શકતા તેઓને રાઇલ્સ ટ્યુબ વડે ખોરાક ખવડાવે છે.

સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલનું એક્સટેન્સન એવી મંજુશ્રી કોવિડ હોસ્પિટલ જયારથી શરૂ થઇ ત્યારથી મંજુશ્રી હોસ્પિટલમાં પણ ડાયેટ વિભાગમાં ઉત્તમ કામગીરી કરીને દરિદ્રનારાયણની સેવાનું કામ આરતીબહેને કર્યું છે.

આરતીબહેન કહે છે કે, લગ્નના ચોથા દિવસે જ્યારે મને જાણ થઇ કે મારા અન્ય સાથી મિત્રો કોરોનાથી સંક્રમિત થયા છે અને હોસ્પિટલને મારી જરૂર છે. ત્યારે કંઇ પણ વિચાર કર્યા વગર લગ્નજીવનના ચોથા જ દિવસે મેં મારી ડ્યુટી જોઇન કરી છે. આવી કપરી પરિસ્થિતિમાં અંગત જીવન કરતા સમાજસેવા અને દેશસેવા વધુ જરૂરી છે. એક દર્દીને સમયસર જમવાનું મળી રહે તેની માનસિક સ્થિતિ પણ મજબૂત બની રહે તે મારા માટે મહત્વનું હતું, જેથી હું ખૂબ જ ટૂંકાગાળામાં ફરજ પર હાજર થઇ છું.


આવી પરિસ્થિતિઓમાં સ્વને ભૂલીને સમષ્ટિનું વિચારી ફરજને પ્રાધાન્ય આપે તે જ સાચો કર્મચારી કહેવાય આ જ બાબતને ધ્યાનમાં રાખીને દર્દીનારાયણની સેવા કરવા માટે હું લાગી ગઇ છું તેવું આરતીબહેન ઉમેરે છે.

.અમિતસિંહ ચૌહાણ



ગુજરાતમાં કોરોનાની બેકાબુ પરિસ્થિતિમાં લોકોના જીવ બચાવવા માટે સરકાર તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન, ઇન્જેક્શન, વેન્ટિલેટર, સ્ટાફ ઉપલબ્ધ કરાવે, ટેસ્ટિંગ માટે ની કીટ અને લેબોરેટરી વધારો, મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફની કાયમી ભરતી કરો, એમ્બ્યુલન્સ વધારો, ગરીબ જરૂરિયાત મંદ લોકોને આર્થિક સહાય પેકેજ આપવામાં આવે જેવી વિવિધ પ્રજાના જીવ બચાવવા અને સુખાકારી માટેની માંગણી સાથે કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળ દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને આવેદન આપવામાં આવ્યું..

# સમાજ જીવનના અનેક પ્રકલ્પોમાં તેઓ અગ્રેસર એવા શ્રી હર્ષદભાઈ પંડિતનું દુઃખદ અવસાન



રાજકોટ મહાનગર ના જૂની પેઢીના રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના વરીષ્ઠ સ્વંયસેવક અને ગુજરાત સરકારના પશુપાલન વિભાગમાં ડેપ્યુટી ડાયેક્ટર તરીકે લાંબી સેવાઓ બાદ સરકારી નોકરીમાં થી સ્વૈચ્છિકનિવૃત્ત થઈ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના અને સમાજ જીવનના અનેક પ્રકલ્પોમાં તેઓ અગ્રેસર એવા શ્રી હર્ષદભાઈ પંડિત નું આજરોજ ૭૮ વરસની વયે દુઃખદ અવસાન થયેલ છે.

શ્રી પંડિત રાજકોટમાં બાલ્ય કાળ થી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ ના સ્વંયસેવક હતા. તેઓ સંઘના પ્રાથમિક વર્ગ ઉપરાંત પ્રથમ;દ્વિતીય વર્ગ ની તાલીમ પામેલા સ્વંયસેવક હતા.

તેઓ અભ્યાસમાં ખૂબજ તેજસ્વી અને પ્રતિભાશાળી હતા. તેઓ એ આજથી ૫૫ વર્ષ પહેલાં આણંદ ખાતે માસ્ટર ઓફ વેટરનરી સાયન્સ નો કોર્ષ કરી ગુજરાત સરકાર ના પશુપાલન વિભાગમાં વેટરનરી ઓફિસર તરીકે નોકરીમાં જોડાયેલા હતા. અને તેઓ ગુજરાત સરકારમાં લાંબી સેવાઓ બાદ ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે સ્વૈચ્છીક નિવૃત્ત કારણે ૨૦૦૧ માં સેવા નિવૃત થયા હતા

શ્રી પંડિત નોકરીમાં થી સેવા નિવૃત્ત થઈ ×માતૃભાષા માં શિક્ષણ× આ અભિયાન માં તેઓ અગ્રેસર રહી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં શાળા કોલેજમાં સ્વ ખર્ચે પ્રચાર-પ્રસાર કરી;સેમિનાર; વાલી સંમેલનોમાં ઉપસ્થિત રહી ખુબજ અસરકારક રીતે માતૃભાષા માં શિક્ષણ અભિયાન માં સામેલ હતા.

શ્રી પંડિત આપણી પરંપરાગત આયુર્વેદ અને કુદરતી ઉપચાર પદ્ધતિ ના હિમાયતી હતા.× તું જ તારો તારણહાર× આ પુસ્તક ભારતની ૧૧ ભાષામાં પ્રકાશિત કરાવી નિશુલ્ક વિતરણ કરતા હતા.

શ્રી પંડિત પોતાના માસિક પેંશનમાંથી ૫૦% રકમ તેના પેન્શન એકાઉન્ટ માંથી માજી સૈનીકના વેલ્ફેર માટે કેન્દ્ર સરકારના સંરક્ષણ ખાતા હસ્તક ના વેલ્ફેર ફંડમાં વર્ષોથી નિયમિતપણે જમા કરાવતા હતા. અને ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ; રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેની ભગિની સંગઠનોને ઉદારતાથી આર્થિક સહયોગ આપતા હતા. કાશ્મીર માં પુલવામાં પાકિસ્તાની લશ્કર દ્વારા ભારતીય સૈનિકો ની શહાદત ના સમયે તેઓએ રૂપિયા આઠ લાખ સૈનિકો ના પરિવાર ના ફંડ માટે જમા કરાવ્યા હતા. તેઓએ છેલ્લા બે દાયકામાં માતૃભાષા માં શિક્ષણ;તું જ તારો તારણહાર; સ્વ. રાજીવ દિક્ષિત ની સ્વદેશી અભિયાનમાં પણ તન;માં;અને ધન થી જોડાયેલા હતા. અને રોજબરોજના ઘટનાઓ અને પ્રસંગોને ધ્યાનમાં લાઈને આશરે રૂપિયા ત્રણ કરોડ જેટલી રકમ નું દાન આપેલ હતું.

શ્રી પંડિત નું પરિવાર રાજકોટમાં રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ સાથે જોડાયેલ છે. શ્રી પંડિત જૈફ વયે પણ આર.આર.એસ. ની શાખામાં નિયમિત ઉપસ્થિત રહેતા હતા. તેઓના ભાઈ સ્વ. મુકુંદભાઈ પંડિત રાજકોટમાં મહાનગરપાલિકા મા ત્રણ ટર્મ કોર્પોરેટર તરીકે તેમજ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ડાયરેક્ટર તરીકે અને વાઇસ ચેરમેન તરીકે જવાબદારી સોંપવામાં આવેલ હતી.

તેઓના બીજા ભાઈ સ્વ.મનસુખભાઈ પંડિત તેઓ અર્થશાસ્ત્ર ના પ્રાધ્યાપક તરીકે હતા અને ગોંડલ નગરપાલિકા હસ્તકની મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ના પ્રિન્સિપાલ તરીકે જવાબદારી સોંપવામાં આવેલ હતી

ડો.હર્ષદભાઈ પંડિતે અમરેલી જિલ્લાના ધારી ગામમાં શ્રી જીવનમુકતેશ્વર મહાદેવ આશ્રમમાં ભારતમાતાનું મંદિર નું સ્વખર્ચે તાજેતરમાં નિર્માણ કરાવ્યું છે. એકજ વ્યક્તિની સ્વબચત માંથી આરસ ની પ્રતિમા સાથે ભારત માતાના મંદિરનું નિર્માણ થયું હોય તેવું ગુજરાતનું આ સૌ પ્રથમ આયોજન છે.



ધોલકા ગધેમાર સ્મશાન કોરોના મહામારીના સમયમાં ગધેમાર યુવક મંડળ દ્વારા સાથે મળી સ્મશાન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ આ સમસાનમા એક નવિન સગડી પણ મુકવામાં આવેલ છે આ ભગીરથ કાર્ય માં ઘનશ્યામભાઈ તથા કેતનભાઈ તે મજ સાથી મિત્રોએ શ્રમદાન કરી એક નવો રાહ ચિધેલ છે

# કોરોના દર્દીઓને સાંત્વના અને મનોબળ આપતી સ્મિત ફાઉન્ડેશન સંસ્થા''



સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરની સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલોમાં કોરોના દર્દીને વ્હીલ પાવર, સાત્વના, હતાશા, ચિંતા રોગ, મનોબળ, હિંમત આપવામાં આવી રહી છે સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને ટ્રસ્ટી આનંદ પારેખ વધારે માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યારની કંડીશનમાં કોરોનાની બીજી લહેર વધતા કોઈ હોસ્પિટલોમાં બેડ ખાલી નથી, ક્યાય ઓક્સીજન નથી અને ક્યાંક ઈન્જેકશનનો અભાવ જોવા મળી રહ્યો છે, ત્યારે અમારી સંસ્થા તરફથી માનસિક રીતે તાણ અનુભવતા દર્દીઓને ૨૫ એપ્રિલ થી સરકારની ગાઈડલાઈન્સ મુજબ સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલમાં અમારી ટીમ દ્વારા કોરોના દર્દીઓનું કાઉન્સીલીંગ કરી તેમનું મનોબળ વધારી રહી છે. આ ટીમમાં જીત પારેખ, ડૉ. હર્ષ જોશી, ગરીશ પારેખ, જીતેન શેખાની, ડૉ.સુરભી જોશી, કિંજલ ગોખલે, મિલાપ પરમાર, નીતિન રાજપૂત અને મેહુલ મકવાણા થકી અલગ હોસ્પીટલોમાં જઈ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે અને આ કોરોના મહામારીમાં હોમ કોરનટાઈન થયેલા દર્દીઓને ઘરે ઘરે જઈને સ્મિત ફાઉન્ડેશનની ટીમ દ્વારા અલગ અલગ વિસ્તારમાં ટીફીન સેવા પણ આપવામાં આવી રહી.



ગાંધીનગર ની સેવાભાવી સંસ્થા શ્રી સોમનાથ બ્રહકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારી ના કપરાકાળ મા ગાંધીનગર જિલ્લા ના જરુરીયાતમંદ કર્મકાંડી, પૂજારી, પાકશાસ્ત્રી, ભૂદેવો ને તથા વિધ્વા-ત્યક્તા બહેનો, અન્ય જરુરીયાતમંદ લોકો ને સંસ્થા ના કમીટી મેમ્બર, સભ્યો અને દાતાઓ ના માધ્યમ થી અનાજની કીટ ૧૫૦૦રુ ની બનાવીને મદદ કરવામા આવી રહી છે.

## એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ માટે બન્યા "અન્નપૂર્ણા"

# કોરોના વોરિયર્સ – તબીબો માટે સંજીવ કપુરે કરી ત્રણ ટાઇમ ભોજનની વ્યવસ્થા





કોરોના મહામારીમાં ઘણી સેવાભાવી સંસ્થાઓ પ્રવર્તમાન સ્થિતિમાં મદદરૂપ થવા અને સેવાયજ્ઞમાં જોડાવવા આગળ આવી રહી છે. નિઃસ્વાર્થપણે કોરોનાગ્રસ્ત દર્દીઓ,કોરોનાની સારવારમાં લાગેલા હોસ્પિટલ તંત્ર, કોરોના વોરીયર્સને યથાશક્તિ પ્રમાણે મદદરૂપ બની રહી છે.

દેશના પ્રતિષ્ઠિત સેફ શ્રી સંજીવકપુર પણ આ સેવાયજ્ઞમાં જોડાયા છે.તેઓ સમગ્ર ગુજરાતમાંથી એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલમાં ભોજન પુરુ પાડવાનો નિર્ણય કર્યો છે. આમ, શ્રી સંજીવકપુરે અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગથી અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં રાઉન્ડ ધ ક્લોક કાર્યરત તબીબો માટે અન્નપૂર્ણા બન્યા છે. તેઓએ ગુજરાતના અમદાવાદ શહેરમાં ૧૨ સેફની નિમણૂક કરી સિવિલ હોસ્પિટલના તબીબો માટે ત્રણ ટાઈમ જમવાની વ્યવસ્થાનું બીડુ ઝડપ્યુ છે.શ્રી સંજીવકપુર દ્રઢપણે માને છે કે , કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવામાં રાઉન્ડ ધ ક્લોક સેવા આપી રહેલા તબીબોને સમયસર સ્વસ્થય અને ગુણવત્તાયુક્ત ભોજન મળી રહેશે તો તેમનામાં નવઉર્જાનો સંચાર થશે. તેઓ વધુ ઉત્સાહભેર કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રુષા કરી શકશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી આ અંગે કહે છે કે, બે દિવસ અગાઉ દેશના પ્રતિષ્ઠિત શૅફ શ્રી સંજીવકપુર દ્વારા સિવિલ હોસ્પિટલના તબીબોને ભોજન વ્યવસ્થા અંગેનો પ્રસ્તા મૂકવામાં આવ્યો હતો, જે હોસ્પિટલ તંત્રએ સ્વીકાર્યો છે. અમે શ્રી સંજીવની સેવાભાવનાને બિરદાવીએ છીએ.

## છેલ્લા ૨૪ વર્ષમાં નર્મદાને પણ સોશિયલ તજજ્ઞ ડોક્ટર મળ્યા નથી

# નર્મદા જિલ્લા બાર એસોસિએશનની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને લેખિત ફરિયાદ

રાજપીપળા,તા.૫

નર્મદા માં કોરોના ના વધતા કેસો અને મોતને વધતી જતી સંખ્યા સૌથી ચિંતિત છે. છેલ્લા ૨૪ વર્ષમાં નર્મદા ને પણ સોશિયલ તજજ્ઞ ડોકટર મળ્યા નથી.નર્મદા જિલ્લા બાર એસોસીએશન ને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને લેખિત ફરિયાદ કરી છે.

નર્મદા જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ એડવોકેટ વંદના ભટ્ટે જણાવ્યું છે કે નર્મદા જિલ્લા કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે રાજપીપળામાં આરોગ્ય સેવાઓ સહિત પાયાની સુવિધાઓ ઉભી કરવા નર્મદા જિલ્લા બાર એસોસિએશન હવે મેદાનમાં આવ્યું છે.નર્મદા જિલ્લા બાર એસોસિએશન પ્રમુખ એડવોકેટ મંદના રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પત્ર દ્વારા રજુઆત કરી છે.

પ્રમુખ વંદના ભટ્ટે રજૂઆતમાં જણાવ્યું છે કે નર્મદા જિલ્લો વિશ્વ ફલક પર છવાયો છે તે છતાં રાજપીપળા આરોગ્ય શિક્ષણ સહિત અન્ય પાયાની સુવિધાઓથી વંચિત રહી ગયો છે.નર્મદા જિલ્લામાં પૂરતો ડોક્ટર અને દવાઓના અભાવે કોરોના ની સારવાર કરાવતા લોકોને વલખા મારવા પડે છે. પહેલા ૨૪ વર્ષમાં નર્મદા જિલ્લાને એક પણ સ્પેશ્યલ તજજ્ઞ ડોક્ટરો મળ્યો નથી. અન્ય જિલ્લાઓની સરખામણીએ નર્મદા જિલ્લા સાથે આવો ભેદભાવ કેમ.નર્મદા જિલ્લામા કોરોના ની કપરી સ્થિતિમાં અપૂરતી સુવિધાઓ ને લીધે લોકો તડપી તડપીને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે એ જોઈ અમારું હૃદય દ્રવી ઉઠ્યું છે. અમારી હિંમત ખૂટી પડી છે. નર્મદા જિલ્લામાં પૂરતી સારવાર મળતી ન હોવાથી લોકો ટપોટપ મરી રહ્યા છે. કોરોના સંક્રમણ ની ચેન તોડવા કોરોના સારવાર માટે ઓક્સિજન સહિત અન્ય તબીબી સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી જે સાધનો ઉપલબ્ધ છે,એનો ઉપયોગ કરવા યોગ્ય ટેકનિશિયન અને જાણકાર તબીબ નથી.

રિપોર્ટ : જયોતી જગતાપ, રાજપીપળા

## ''અમે વેચેલી દવાઓ પરત લેતા નથી'' મેડિકલ સ્ટોર વાળાના આવા જવાબોથી ગ્રાહકો પરેશાન

# કોરોના કાળમાં રાજપીપળાના મેડિકલ સ્ટોરોમાં દવાના નામે ગ્રાહકો સાથે થતી ઉઘાડી લુંટ!!

## માનવતા નેવે મૂકી વેપલો કરતા મેડિકલ સ્ટોરો વાળાઓ પર ડ્રગ ઈન્સ્પેકટર લગામ લગાવે એવી માંગ

રાજપીપળાઃતા ૫

કોરોના કાળમાં નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળાના અમુક મેડિકલ સ્ટોર વાળા કોરોનાની દવાના નામે ગ્રાહકો સાથે ઉઘાડી લૂંટ કરતા હોવાની ખૂબ બુમો ઊઠી છે.

નર્મદા જિલ્લામાં કોરોનાની સારવાર લેવા માટે લોકો ગભરાઈ રહ્યાં છે તો બીજી બાજુ નર્મદા જિલ્લાના અને ખાસ કરીને રાજપીપળાના અમુક મેડિકલ સ્ટોરો વાળા જાતે જ ડોકટર બની કોરોના દર્દીઓને દવા આપી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે.જ્યારે સરકાર જ એમ કહી રહી હોય કે કોરોનાના સામાન્ય લક્ષણો પણ દેખાય તો પ્રથમ નજીકના સરકારી દવાખાને જઈ ટેસ્ટ કરાવો તો બીજી બાજુ મેડિકલ સ્ટોર વાળા દર્દીઓને ટેસ્ટ કરાવવાની સલાહ આપવાનું બાજુએ મૂકી પોતાના સ્વાર્થ ખાતર સીધી જ કોરોનાના નામે ઊંચા ભાવે દવાઓ આપી ચલાવાતી ઉઘાડી લુંટ કેટલે અંશે વ્યાજબી કહેવાય.

ગ્રાહકોમાં તો એવી પણ ફરિયાદો ઊઠી છે કે કોરોનાના નામે દવા લઈ ગયા બાદ જો પરત કરવા આવે તો એવો જવાબ મળે છે કે અમે લીધેલી દવાઓ પરત લેતા નથી.હાલની કપરી સ્થિતીમાં લોકો સેવા કરી રહ્યાં છે ત્યારે મેડિકલ સ્ટોર વાળાઓ હોલ સેલર પાસેથી દવાઓની સાથે સાથે ઓક્સિમીટર, થર્મોમીટર સહિતના ઉપકરણો નીચા ભાવે ખરીદી ગ્રાહકોને ખૂબ ઊંચા ભાવે વેચી રહ્યાં છે.માનવતા નેવે મૂકી વેપલો કરતા આવા મેડિકલ સ્ટોરો વાળાઓ પર ડ્રગ ઈન્સ્પેકટર લગામ લગાવે એવી માંગ ઊઠી છે.

નર્મદા જિલ્લાના મોટે ભાગના મેડીકલ સ્ટોરો વાળા ખુલ્લે આમ સરકારી ધારા ધોરણ નેવે મૂકી પોતાનો સ્ટોર ચલાવી રહ્યા છે.નિયમ મુજબ જેટલો સમય મેડિકલ સ્ટોર ખુલ્લો રહે એટલો સમય ફાર્મસીસ્ટ ત્યાં હાજર રહેવો જોઈએ, એની જગ્યાએ કોઈ ભલતો જ વ્યક્તિ મેડિકલ સ્ટોર પર હાજર રહી ગ્રાહકોને દવાનું વેચાણ કરતો હોય છે.હવે જેને દવાઓનું કોઈ જ્ઞાન જ ન હોય એવો વ્યક્તિ ડોક્ટરે લખેલી દવાની જગ્યાએ કોઈ ભલતી દવા આપી દે અને એ દવાની જો ગ્રાહકને આડ અસર થાય તો એનો જવાબદાર કોણ.આ તમામ બાબતે ડ્રગ ઈન્સ્પેકટર કેમ આંખ આડા કાન કરી રહ્યાં છે, શુ ડ્રગ ઈન્સ્પેકટરને સમયે સમયે કવરમાં વ્યવહાર પહોંચી જતો હશે કે પછી કોઈ ઉચ્ચ અધિકારીનું દબાણ હશે સહિત અનેક પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છે.



તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપ

## ૨ આઈસીયુ ઓન વ્હિલ્સ એમ્બ્યુલન્સ અને ૫ વેન્ટીલેટરનું લોકાર્પણ કરાયું

# કોવિડ-૧૯ મહામારીને પહોંચી વળવા માટે તંત્રને સજ્જ કરવાની દિશામાં મેયરશ્રીનું મહત્વનું કદમ

## ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી આર પાટીલ સહિત મહાનુભાવો મહાનગર પાલિકા ખાતે વર્ચ્યુઅલ લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં



ગાંધીનગરઃ

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના કપરા કાળમાં ગાંધીનગરના વસાહતીઓની મહામુલી જીંદગીઓ બચાવવા માટે મેયરશ્રી રીટાબેન પટેલની ગ્રાન્ટમાંથી ખરીદવામાં આવેલા ૫ વેન્ટીલેટર અને ૨ આઈસીયુ ઓન વ્હિલ્સ અમ્બ્યુલન્સનું તારીખ ૫મીએ ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી સી આર પાટીલના હસ્તે મહાનગર પાલિકા ખાતેથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ, મેયરશ્રી રીટાબેન પટેલ અને મહાનગર ભાજપ પ્રમુખશ્રી ૠચિરભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં. જયારે સંગઠનના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતાં.

મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે ગત તારીખ ૧૯મીએ મ્યુનિસિપલ કમિશનરશ્રી રતનકંવર ગઢવીચારણને પત્ર પાઠવીને તેમની વર્ષ ૨૦૨૦-૨૧ની વિવેકાધિન ગ્રાન્ટમાંથી ૫ નંગ વેન્ટીલેટરની ખરીદી કરીને હોસ્પિટલ કે સંસ્થાને ફાળવવા માટે જાણ કરી હતી. આ ઉપરાંત અગાઉ વર્ષ ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટમાંથી એક એમ્બ્યુલન્સ ખરીદવા ભલામણ કર્યા બાદ ગત તારીખ ૨૬મીએ વધુએક એમ્બ્યુલન્સ વર્ષ ૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી ખરીદ કરીને મહામારીના સંજોગોને ધ્યાનમાં રાખી દિન ૭માં તેના સંબંધની ભૌતિક કાર્યવાહી પૂર્ણ કરવા માટે જણાવ્યુ હતું. કોરોના મહામારીની ગંભીરતાને ધ્યાને રાખીને મહાનગર પાલિકા તંત્ર દ્વારા ઉપરોક્ત જીવન રક્ષક સાધનોની ખરીદ પ્રક્રિયા ઝડપભેર અને સમયસર પૂર્ણ કરવામાં આવી છે અને તારીખ ૫મીએ ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી આર પાટીલના હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવતા મહામારી સામેનો જંગ જીતવા માટે તંત્ર વધુ મજબુતીથી આગળ વધશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.